Marengo CIMS Hospital

# CIMS NEWS CARE & CURE

Price : ₹ 5/-

Volume-15 | Issue-171| October 25, 2024



CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-171 | October 25, 2024

Marengo CIMS Hospital

# ઇન્ટ્રાવાસ્ક્યુલર લિથોટ્રિપ્સી (આઇવીએલ) : શું આ ન્યૂ ઇન્વેસ્ટિગેશ્નલ ભારતમાં કેલ્શિયમનો કોડ તોડશે ?



**ડો વિપુલ કપૂર**

**MD, IDCCM (Hinduja Hospital, Mumbai)**
**Fellowship - Critical Care**
**(Lilavati Hospital, Mumbai)**
**Consultant - Critical Care Medicine**
**Specialist in Treating Serious Illnesses, Infections, Injuries**
**+91 90990 68935**
**vipul.thakkar@marengoasia.com**

છેલ્લા ૪૦ વર્ષોમાં, પર્ક્યુટેનિયસ કોરોનરી ઇન્ટર્વેશન્સ (પીસીઆઇ) (એંજિઓપ્લાસ્ટી) માં થયેલા સુધારા-વધારાઓમાં ઘણી પ્રગતિ હોવા છતાં, કેલ્સીફાઇડ લીઝન (ગઠ્ઠો) ખૂબ જ અનુભવી ઓપરેટરો માટે પણ એક પડકારરૂપ છે, જેના કારણે મોર્બીડિટી (રોગગ્રસ્ત હોવાની સ્થિતિ) અને મૃત્યુદરના વધારામાં પરિણમે છે. તાજેતરમાં જ, ઇન્ટ્રાવાસ્ક્યુલર લિથોટ્રિપ્સી (આઇવીએલ) એ એક નવીન તકનીક હોવાનું દર્શાવવામાં આવ્યું છે, જે બધુ વધારે કેલસિફાઇડ લીઝનોને દૂર કરવા માટે રચાયેલ છે.

કોરોનરી ઇન્ટ્રાવાસ્ક્યુલર લિથોટ્રિપ્સી કેથેટર (શોકવેવ મેડિકલ, સાન્ટા ક્લેરા, કેલિફ.) એક વખત જ ઉપયોગ કરી શકાય તેવું જંતુરહિત નિકાલજોગ કેથેટર છે જેમાં તેનમાં એકીકૃત કરેલ બલૂન (આકૃતિ ૧) માં ઘણા બધા લિથોટ્રીપ્સી એમિટર્સ (ઉત્સર્જકો) નો સમાવેશ થયેલ છે. એમિટર્સ (ઉત્સર્જકો) ગોળાના આકારમાં સોનિક પ્રેશરના મોજાઓ ઉત્પન્ન કરે છે, જેના કારણે પરિઘરીય વાસ્ક્યુલર કેલ્શિયમની સારવાર કરવા માટે એક ફિલ્ડ એફેક્ટ ઊભી થાય છે. આ સોનિક પ્રેશર તરંગો કેલેશિયમ ઇન સિતુ (મૂળ સ્થાને રહેલો કેલેશિયમનો ગઠ્ઠો) ને પસંદગીયુક્ત રીતે ખલેલ પહોંચાડે છે અને તેનો અસ્થિભંગ કરે છે, જેના કારણે વેસલ કંપ્લાઇયન્સ (રક્તવાહિનીની પહોળા થવાની ક્ષમતા) માં બદલાવ આવે છે, જ્યારે ઇજા થવામાં ઘટાડો કરે છે અને વાહિની (ધમની) ની દિવાલના ફાઇબ્રો-ઇલાસ્ટિક (રેશેદાર અને સ્થિતિસ્થાપક) ઘટકોની અખંડિતતાને જાળવી રાખે છે. (આકૃતિ ૨)

### યુરોપિયન મંજૂરી તરફ દોરી જઈ રહેલા સીએડી I ના અભ્યાસ વિશેની વિગતો

કોરોનરી આઈવીએલને ડિસરપ્ટ સીએડી I અધ્યયન પછી યુરોપિયન સીઇ માર્કની મંજૂરી મળી હતી, [૧] જે આ પહેલા ૨૦૧૬ ની ટ્રાન્સકાથેટર કાર્ડિયોવાસ્ક્યુલર થેરાપ્યુટિક્સ (ટીસીટી) પરિષદમાં રજૂ કરવામાં આવી હતી. આ અધ્યયનમાં ૩૦ દિવસમાં અને ૬ મહિનામાં અનુક્રમે ૫ % અને ૮.૫ % ના મેજર એડવર્સ કાર્ડિયોવાસ્ક્યુલર ઇવેન્ટ્સ (એમએસીઇ) ના નીચા દરો સાથે રેસીડ્યુઅલ સ્ટેનોસિસમાં ૧૩.૩ ± ૧૧.૬ % નો અને તીવ્ર લ્યુમિનલ ગેઇનમાં ૧.૭ ± ૦.૬ % નો ઘટાડો દર્શાવવામાં આવ્યો છે.

સીએડી I ના અભ્યાસ તપાસકર્તાઓએ એવો નિષ્કર્ષ કાઢ્યો કે કોરોનરી આઈવીએલ, નીચા દરની જટિલતાઓ અને અનુકૂળ પ્રારંભિક સારવાર સફળતા સાથે ગંભીર રીતે કેલ્સિફાઇડ લીઝન (ગઠ્ઠો)ની સારવાર કરવામાં સક્ષમ છે. ડિસરપ્ટ સીએડી I માં અનુગામી સ્ટેન્ટ પ્રત્યારોપણ સાથે ગંભીર રીતે કેલ્સિફાઇડ કોરોનરી લીઝન પર કોરોનરી આઈવીએલના થતાં મિકેનિસ્ટિક પ્રભાવોને નિર્ધારિત કરવા માટે ઓપ્ટિકલ કોઓરેન્સ ટોમોગ્રાફી (ઓસીટી) ના પેટા અભ્યાસનો સમાવેશ થતો હતો

ડિસરપ્ટ સીએડી I અધ્યયન હેઠળ યુરોપમાં વધારાના ક્લિનિકલ અનુભવને હાથ ધરવામાં આવી રહ્યા છે. સીએડી II માર્કેટ (બજાર) પછીની વાસ્તવિક દુનિયાની ગોઠવણમાં પરિણામોને રજૂ કરવાના લક્ષ્યાંક સાથે આઠ યુરોપિયન દેશોની ૧૫ જગ્યાઓ પર વધારાના ૧૨૦ દર્દીઓની નોંધણી કરશે.

ડિસરપ્ટ સીએડી III ની યુ.એસ. એફડીએની પીવોટલ ટ્રાયલ (મહત્વશીલ તપાસ)

ડિસરપ્ટ સીએડી III એ એક સંભવિત, નોન-રેન્ડમાઇઝ્ડ, મલ્ટિસેન્ટર ગ્લોબલ આઈડીઇ અધ્યયન છે, જેમાં સ્ટેન્ટિંગ કરતાં પહેલાં, ડે નોવો (નવા), કેલ્સીફાઇડ, સ્ટેનોટિક લીઝનો (ગઠ્ઠાઓ) વાળી કોરોનરી ધમનીઓમાં શોકવેવ સી ૨ કોરોનરી આઈવીએલ કેથેટર સાથે શોકવેવ કોરોનરી આઈવીએલ પ્રણાલીની સલામતી અને અસરકારકતા દર્શાવવામાં આવી છે. ડે નોવો (નવા), કેલ્સિફાઇડ કોરોનરી ધમનીના લીઝનો (ગઠ્ઠાઓ) વાળા દર્દીઓ, કે જેઓ સ્થિર, અસ્થિર અથવા સાઈલન્ટ (લક્ષણ વગરનું) ઇસ્કેમિયા (હૃદયના સ્નાયુઓને મળતો અપૂરતો રક્તનો પુરવઠો) દર્શાવે છે, અને જેઓ પર્ક્યુટેનિયસ કોરોનરી ઇન્ટરવેંશન (પીસીઆઈ) માટે યોગ્ય છે, તેઓને આ અભ્યાસમાં ભાગ લેવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. આ અધ્યયનમાં યુનાઇટેડ સ્ટેટ્સ અને યુરોપના ૫૦ વૈશ્વિક કેન્દ્રોમાં લગભગ ૩૯૨ દર્દીઓની નોંધણી થવાની ધારણા છે. શોકવેવ સી ૨ કોરોનરી આઈવીએલ કેથેટર એ યુ.એસ.માં ઉપયોગમાં લેવામાં આવતું એક તપાસ માટેનું ઉપકરણ છે.

અભ્યાસ સૂચકાંક પ્રક્રિયાના ૩૦ દિવસની અંદર એમએસીઇ (મેજર એડવર્સ કાર્ડિયોવાસ્ક્યુલર ઇવેન્ટ્સ)થી સ્વતંત્રતાનું મૂલ્યાંકન પ્રાથમિક સલામતીના અંતિમ બિંદુ તરીકે કરશે. પ્રાથમિક અસરકારકતાનું અંતિમ બિંદુ એ પ્રક્રિયાત્મક સફળતા છે કે જેને, હિંસક અધ્યયનના આધારે, ૫૦ ટકાથી ઓછી રેસિડ્યુઅલ સ્ટેનોસિસ સાથેની અને હોસ્પિટલમાં એમએસીઇ

વિનાની સ્ટેન્ટ ડિલિવરી તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. અભ્યાસ માટે નોંધાયેલા દર્દીઓને બે વર્ષ માટે અનુસરવામાં આવશે.

**કેલ્સિફાઇડ લીઝન્સ (કેલ્શિયમના ગઠ્ઠાઓ)ની સારવાર માટે એથેરેક્ટોમી અને હાઇ-પ્રેશર ફુગ્ગાઓ અને તેની તુલનામાં લિથોટ્રિપ્સી**

કેલસિફાઇડ, કોરોનરી લીઝન્સ (હૃદયની મુખ્ય ધમનીઓમાં જામી ગયેલ કેલ્શિયમના ગઠ્ઠાઓ) ની સારવાર માટેની વર્તમાન તકનીકોમાં શામેલ છે રોટેશનલ એથેરેક્ટોમી (કેલ્શિયમના ગઠ્ઠાને તોડવા માટે એક સતત ફરતા સાધનનો ઉપયોગ કરવામાં આવે છે) અને ઓર્બિટલ એથેરેક્ટોમી (કેથેટરના અંતમાં હીરાના આવરણ વાળું માથું ફિટ કરેલ હોય કે જે પરિવર્તનશીલ ગતિએ ગોળ-ગોળ ફરે છે, અને કેલ્શિયમના ગઠ્ઠાને ધીમે-ધીમે નાના કણોમાં તોડી નાખે છે, તેનો ઉપયોગ કરવામાં આવે છે). જો કે, તેઓનો ઉપયોગ મર્યાદિત રહ્યો છે. એથેરેક્ટોમી મીડિયલ કેલ્શિયમ (ધમનીની દિવાલનું સ્થિતિસ્થાપક સ્તરમાં કેલ્શિયમ જામી જવું) પર નોંધપાત્ર અસર કર્યા વિના પ્રાધાન્ય રીતે સુપરફિસિયલ કેલ્શિયમને લક્ષ્યમાં રાખે છે. ઉચ્ચ દબાણ વાળા અને વિશેષ પ્રકારના ફુગ્ગાઓ પણ ઉપલબ્ધ છે, પરંતુ ઘણીવાર તેઓ કેલ્સિફાઇડ લીઝન (કેલ્શિયમના ગઠ્ઠા) સુધી પહોંચવામાં અથવા તેઓને પાર કરવામાં નિષ્ફળ રહે છે અને એથેરેક્ટોમીની પ્રક્રિયાની જેમ જ, ફક્ત સુપરફિસિયલ કેલિસિફિકેશનને જ સુધરે છે. ન તો એથેરેક્ટોમી કે ન તો ફુગ્ગાઓ નરમ પેશીઓથી કેલ્સિફાઇડ પ્લાક (કેલ્શિયમના ગઠ્ઠા) ને અલગ પાડી શકે છે, જેના કારણે રક્ત વાહિનીને નુકસાન પહોંચી શકે છે અને સંભવિત જટિલતાઓ ઊભી થઈ શકે છે.

યુરોપ, ઑસ્ટ્રેલિયા અને ન્યુ ઝિલેન્ડમાં ડિસરપ્ટ સીએડી I ના પરિણામો અને વાસ્તવિક-વિશ્વમાં તેના ઉપયોગ એ બંનેની સમીક્ષા કરવામાં એવું જોવા મળ્યું છે કે હાલની ટેક્નોલોજી (તકનીકીઓ) કરતાં આઇવીએલના વધુ ફાયદા છે. તે એકમાત્ર એવી તકનીક છે જે સુપરફિશિયલ (ઉપરછલ્લું) અને ડીપ (ઊંડું) કેલિસિફિકેશન (કેલ્શિયમના ગઠ્ઠા જામવાની પ્રક્રિયા) એ બંનેને અસર કરે છે, જેના કારણે ટ્રાન્સમ્યુરલ વેસલ કંપ્લાઇયન્સ (સપૂર્ણ રક્તવાહિનીની દીવાલની પહોળા થવાની ક્ષમતા) માં સુધાર લાવે છે. આના વડે સ્ટેન્ટ ડિપ્લોયમેન્ટ (બેસાડવો), તેનું એક્સ્પાનશન (વિસ્તરણ) અને તેનું એપોઝીશન (સ્ટેન્ટને જે જગ્યાએ અને જે સ્થિતિમાં બેસાડવાનો હોય તે) સારી રીતે થાય છે. આ એક બલૂન-આધારિત પ્રણાલીનો ઉપયોગ કરે છે કે જેના સાથે બધા જ ઑપરેટરો પરિચિત છે, અને જે અન્ય, વધુ જટિલ, તકનીકોની તુલનામાં તેનું અપનાવવાનું સરળ બનાવે છે અને તેને શીખવા માટે જેટલા સમયની જરૂર પડે છે તેમાં ઘટાડો કરે છે. તેનો ઉપયોગ તકનીકી રીતે પડકારજનક ગઠ્ઠાઓ, જેમ કે બાઈફરકેશન લીઝન (કોરોનરી ધમનીમાં જે જગ્યાએથી તેની એક મહત્વપૂર્ણ શાખા શરૂ થાય છે તેની બાજુમાં અને/અથવા તેમાં પણ ગઠ્ઠો જામવો) અથવા ઓસ્ટીયલ લીઝન (વાહિનીના મૂળથી લગભગ ૩એમએમ), તેઓમાં પણ થઈ શકે છે, એ પણ ગાઈડ વાયર બાયસ (તારના ધમનીની વચ્ચે રહેવાને બદલે તેની એક દીવાલથી નજીક જતું રહેવું) થઈ જવાની કે કાણું પડવાની ચિંતાઓ અથવા એમ્બોલાઈઝેશન (લોહીનો ગઠ્ઠો જામવાથી ધમનીનું બંધ થઈ જવું) ના વધેલા જોખમની ચિંતાઓ વગર. ખરેખર, દર્દી અને ચિકિત્સક બંનેના દ્રષ્ટિકોણથી, એથેરો-એમ્બ્યુલાઇઝેશનના, છિદ્ર થવાના અથવા ઉચ્ચ-દબાણવાળા બલૂન ડાઈલેટેશન (બારોટ્રોમા) ની જરૂરિયાત અને તેની સાથે સંકળાયેલા વેસલ ડિસેક્શન (વાહિનીનું ફાટી જવું) ના જોખમનો સ્પષ્ટ અભાવ, આ બધી જ આઈવીએલની આકર્ષક લાક્ષણિકતાઓ છે.

**લાર્જ-બોર ડિવાઇસીસ (ધમનીમાં પ્રવેશવા માટે કરવામાં આવેલ મોટા કાણાંને બંધ કરવા માટે બનાવવામાં આવેલ ઉપકરણો) ના ધમની માંથી પસાર થવાને સક્ષમ કરવા માટે ઇન્ટ્રાવાસ્ક્યુલર લિથોટ્રિપ્સી**

કોરોનરી ટેક્નોલોજીની ઉપરાંત, વધતી સંખ્યામાં ઇન્ટરવેંશનાલિસ્ટ્સ IVL નો ઉપયોગ એવી પ્રક્રિયાઓમાં ટ્રાન્સ-ફેમોરલ (ટી.એફ.) એક્સેસ (ટ્રાન્સફિમોરલ, એટ્લે કે જાંઘના સાંધામાં આવેલી ધમનીના માર્ગેથી હૃદયના વાલ્વ સુધી પહોંચવા માટેનો પ્રવેશ માર્ગ) નો ઉપયોગ કરવાનું શક્ય બનાવવા માટે અપનાવી રહ્યા છે કે જેઓમાં લાર્જ-બોર કેથેટર ડિલિવરી સિસ્ટમ્સ (મોટા ઉપકરણો લઈ જઈ શકે તેવા મોટા કેથેટરોની પ્રણાલી) નો ઉપયોગ કરવાની જરૂરિયાત હોય છે, જેમ કે ટ્રાન્સ-એઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ (ટી.એ.વી.આર.) અને મિકેનિકલ કાર્ડિયાક સપોર્ટ. આ કિસ્સાઓમાં, આઇવીએલ કેલ્શિયમના ગઠ્ઠાને તોડે છે, જેના કારણે લ્યુમિનલ વ્યાસમાં વધારો થાય છે અને વેસલ કંપ્લાઇયન્સ (રક્તવાહિનીની દીવાલની પહોળા થવાની ક્ષમતા) માં સુધાર આવે છે, જેના કારણે ઉપકરણ ઇલિયાક ધમની માંથી સુરક્ષિત રીતે પસાર થઈ શકે છે અને આખરે તે હૃદયમાં પહોંચે છે / મૂકવામાં આવે છે.

ટી.એ.વી.આર. ની પ્રક્રિયાના કરવા પહેલા ઇલિયાક ધમનીની કરવામાં આવતી તૈયારીની ઉપરાંત, આઇ.વી.એલ. ઉચ્ચ જોખમવાળા પીસીઆઈ (પર્ક્યુટેનિયસ કોરોનરી ઇન્ટર્વેશન્સ) (એંજિઓપ્લાસ્ટી) અથવા કાર્ડિયોજેનિક શોક (એવી સ્થિતિ જેમાં તમારું હૃદય અચાનક જ તમારા શરીરની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતા લોહીને પમ્પ નથી કરી શકતું) માટેના મેકેનિકલ કાર્ડિયાક સપોર્ટ માટે ઇમ્પેલા એક્સેસ (હૃદયના વેંટ્રિકલ એટ્લે કે હૃદયના નીચેના ૨ મોટા ખંડો માંથી એકને પોતાનું કાર્ય કરવામાં મદદ કરવા માટેનું એકદમ નાના કદનું પર્ક્યુટેનિયસલી શરીરમાં અંદર નાખી શકાય તેવા ઉપકરણને માટેનો પ્રવેશ માર્ગ) કરવાનું પણ શક્ય બનાવે છે.

CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-171 | October 25, 2024

Marengo CIMS Hospital

# નબળાં હૃદયની મજબૂત સારવાર: VAD



**ડો. ધીરેન શાહ**

MB, MS, MCh (CVTS), FICS
Director - Consultant Cardiac Surgeon
Director - Heart Transplant Programme and Mechanical Circulatory Support (MCS) Programme
+91 98255 75933
dhiren.shah@cims.me | www.dhirenshah.in

હાર્ટ ફેઈલ્યોર એ મોટા પ્રમાણમાં જોવા મળતી લાંબા સમયની એક સ્થિતિ છે જે હૃદયના સ્નાયુઓ નબળા પડે અને શરીરમાં પૂરતા પ્રમાણમાં લોહીનો પૂરવઠો પહોંચાડવા માટે લોહીને પંપ કરવા સક્ષમ ન રહે ત્યારે સર્જાય છે. હાર્ટ ફેઇલ્યોર સમય વીતવાની સાથે વધારે કથળતું જાય છે અને સતત ઊંચા બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, વાલ્વની બીમારી કે હૃદય રોગના અન્ય સ્વરૂપો અથવા જન્મજાત ખામીના કારણે પેદા થાય છે. તેની સારવાર કરવામાં ન આવે તો પૂરાત પ્રમાણમાં લોહીનો પૂરવઠો ન મળવાના કારણે અંગો ધીમે ફેઇલ થાય છે, તેના કારણે અનેક પ્રકારની તબીબી સમસ્યાઓ પેદા થાય છે જેનાથી વ્યક્તિના જીવનની ગુણવત્તાને અસર થાય છે અને ઘણી વખત મૃત્યુ પણ નીપજે છે.

તમને અથવા તમે જાણતા હો તેવી કોઈ વ્યક્તિને હાર્ટ ફેઇલ્યોર હોય, જેને કન્જેસ્ટિવ હાર્ટ ફેઇલ્યોર પણ કહેવાય છે, તો તમે એકલા નથી. અમેરિકન હાર્ટ એસોસિયેશન મુજબ 50 લાખથી વધારે અમેરિકાનો હાર્ટ ફેઇલ્યોરની તકલીફ સાથે જીવી રહ્યા છે, જેમાં દર વર્ષે 670, 000 નવા કેસ નોંધાય છે. ભારતમાં આનાથી અનેક ગણા વધારે દર્દીઓ છે.

હાર્ટ ફેઇલ્યોર ધરાવતા લોકોને ઘણી વખત શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને થાક લાગે છે. વર્ષો સુધી બ્લોક થયેલી  ધમનીઓ અથવા ઉચ્ચ બ્લડ પ્રેશર સાથે જીવવાથી તમારું હ્રદય નબળું પડી જાય છે જેથી તમારા શરીરમાં પૂરતા પ્રમાણમાં લોહી પંપ કરી શકતું નથી તેના લક્ષણો જેમ જેમ કથળતા છે. હૃદય જ્યારે એટલું નબળું હોય કે પોતાની જાતે શરીરમાં જાય તેમ તેમ એડવાન્સ્ડ હાર્ટ ફેઇલ્યોર આગળ લોહી પહોંચાડી ન શકે ત્યારે આ ઉપકરણની મદદથી આખા વધતું જાય છે. એડવાન્સ્ડ હાર્ટ ફેઇલ્યોર એશરીરમાં લોહીનું પરિભ્રમણ કરાવી શકાય છે. ઘણી વખત તેને ગંભીર સ્થિતિ છે. એડવાન્સ્ડ હાર્ટ ફેઇલ્યોર પર ‘હાર્ટ પંપ’ અથવા ‘VAD’ તરીકે પણ ઓળખવામાં આવે છે. નિયંત્રણ મેળવવું એ જ યોગ્ય ઉપાય છે. એ હાર્ટમેટ 2 એ ટચુકડા કદનું ઇમ્પ્લાન્ટ થઈશકે તેવું LVADછે. માટે તમારે તંદુરસ્ત જીવન માટે જીવનશૈલીમાં જે તબીબી ટેક્નોલોજીમાં મોટી સિદ્ધિ છે અને વિશ્વમાંઝડપભેર કેટલાક આવશ્યક સુધારા કરવા પડશે.


**વેન્ટિક્યુલર આસિસ્ટ ડિવાઈસિસ (VAD) તરીકે ઓળખાતા લોહીના પંપનો ઉપયોગ કરીને લોહીનો પ્રવાહ સુધારવામાં આવે છે.**

## VAD થેરેપી શું છે ?

મિકેનિકલ સર્ક્યુલેટરી સપોર્ટ દ્વારા આશાનો સંચાર કરવો, મિકેનિકલ સર્ક્યુલેટરી સપોર્ટ (એમસીએસ)માં વેન્ટ્રિક્યુલર આસિસ્ટ  ડિવાઇસિસ (VAD) તરીકે ઓળખાતા લોહીના પંપનો ઉપયોગ કરીને લોહીનો પ્રવાહ સુધારવામાં આવે છે. તે શરીરમાં લોહી પમ્પ કરવામાં હૃદયને મદદ કરે છે. તે હૃદયને બદલી નાખતું નથી. આ ઉપકરણ બેસાડવા માટે દર્દીએ સર્જરી કરાવવી પડે છે. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની રાહ જોતા દર્દીઓને ડોનરનું હ્રદય મળે ત્યાં સુધી VAD તેમને જીવિત રહેવામાં મદદ કરી શકે છે. તેને બ્રિજ-ટુ-ટ્રાન્સપ્લાન્ટેશન તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક એડવાન્સ્ડ હાર્ટ ફેઇલ્યોરના દર્દીઓ અન્ય બીમારીના કારણે અથવા તેમની વયના કારણે ટ્રાન્સપ્લાન્ટ કરાવી શક્તા નથી. આવા દર્દીઓને લાંબા ગાળાના VAD સપોર્ટથી ફાયદો થઈ શકે છે. તેને સ્ટિનેશન થેરેપી’ કહે છે.

## LVAD શું છે ?

LVAI)નું આખું નામ લેફ્ટ વેન્ટ્રિક્યુલર આસિસ્ટ ડિવાઇસ છે. તે એક યાંત્રિક ઉપકરણ છે હૃદય જ્યારે એટલું નબળું હોય કે પોતાની જાતે શરીરમાં લોહી પહોંચાડી ન શકે ત્યારે આ ઉપકરણની મદદથી આખા શરીરમાં લોહીનું પરિભ્રમણ કરાવી શકાય છે. ઘણી વખત તેને ‘હાર્ટ પંપ’ અથવા ‘VAD’ તરીકે પણ ઓળખવામાં આવે છે. હાર્ટમેટ 2 એ ટચુકડા કદનું ઇમ્પ્લાન્ટ થઈશકે તેવું LVAD છે. જે તબીબી ટેક્નોલોજીમાં મોટી સિદ્ધિ છે અને વિશ્વમાં ઝડપભેર આ પ્રકારનું સૌથી વધુ વપરતું ઉપરકરણ બની ગયું છે અને  હવે તે ભારતમાં પણ ઉપલબ્ધ થઈ ગયું છે. LVAD વિવિધ  કદમાં આવે છે, પરંતુ હાર્ટમેટ-2 એફડીએ દ્વારા મંજૂર કરાયેલા તમામ LVADમાં સૌથી નાનું છે. તે લગભગ ૩ ઈંચની લંબાઈ  ધરાવે છે.






JCI (USA) NABL ACC

CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-171 | October 25, 2024

Marengo CIMS Hospital

# વર્લ્ડ અલ્ઝાઈમર ડે 2024 - મૈરિંગો સિમ્સ હોસ્પિટલમાં "ડિમેન્શિયા વિષે જાણો, અલ્ઝાઇમર વિષે જાણો" થીમ સાથે જાગૃતિ અભિયાન શરુ કરવામાં આવી



**ડો પરિમલ ત્રિપાઠી**

M.Ch., FRCS (UK) Neuro
Consultant Neuro and Spine Surgeon
+91 98250 73030
parimal.tripathi@marengoasia.com

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ અલ્ઝાઈમર રોગની જટિલતાઓનો સામનો કરનાર દરેકને ઉત્તમ સંભાળ અને સહાય પહોંચાડવા સાથે વિશ્વ અલ્ઝાઈમર દિવસ ઉજવે છે . અલ્ઝાઈમર સામેની લડાઈમાં આશાના કિરણ તરીકે, મૈરિંગો સિમ્સ હોસ્પિટલ નવીન સારવાર, કરુણાપૂર્ણ સંભાળને પ્રોત્સાહન આપવા અને આ અઘરી સ્થિતિથી પ્રભાવિત પરિવારોને સશક્ત બનાવવાની તેની પ્રતિબદ્ધતાને પુન:પુષ્ટ કરે છે.

દર વર્ષે 21 સપ્ટેમ્બરે ઉજવવામાં આવતા વિશ્વ અલ્ઝાઈમર ડે 2024ના દિવસે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ ગર્વથી વૈશ્વિક સમુદાય સાથે જોડાય છે. આ વર્ષે, થીમ છે "ડિમેન્શિયા જાણો, અલ્ઝાઈમરને જાણો" ડિમેન્શિયા અને અલ્ઝાઈમર રોગ બંન્નેને સમજવાના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરીને, તેમના પ્રારંભિક ચિહ્નો અને દર્દીઓ અને તેમના પરિવારો પર તેમની અસર વિષે માહિતી ફેલાવવાનું છે.

અલ્ઝાઈમર રોગ એ ડિમેન્શિયાનું સૌથી સામાન્ય પ્રકાર છે, જે મગજની વિકૃતિઓ જેવી કે મેમરી, વિચાર અને વર્તનને અસર કરે છે. જે વિશ્વભરમાં લાખો લોકોને અસર કરે છે, અને વૈશ્વિક વસ્તીની ઉંમર જેમ, ડિમેન્શિયા સાથે જીવતા લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે.

જાગરૂકતા વધારવાની અમારી પ્રતિબદ્ધતાના ભાગરૂપે, મૈરિંગો સિમ્સ હોસ્પિટલ જ્ઞાનનો ફેલાવો કરવા અને ડિમેન્શિયા અને અલ્ઝાઈમરથી પ્રભાવિત લોકોને સહાય પૂરી પાડવા માટે વિવિધ પહેલોનું આયોજન કરી રહી છે:

- લાઇવ ડિસ્કશન દ્વારા એજ્યુકેશન : નિષ્ણાતોની આગેવાની હેઠળ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઇવ સેશન્સ અલ્ઝાઇમર રોગ અને ડિમેન્શિયાના લક્ષણો, તબક્કાઓ અને મેનેજમેન્ટ વિશે માહિતી પ્રદાન કરે છે.
- જનજાગૃતિ ઝુંબેશ: સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા, મૈરિંગો સિમ્સ હોસ્પિટલ ડિમેન્શિયાને સમજવા અને સમયસર તબીબી પરામર્શને પ્રોત્સાહિત કરવાના મહત્વ પર ભાર મૂકાશે.

ડૉ પરિમલ ત્રિપાઠી, ન્યુરો અને સ્પાઇન સર્જન, જાહેર શિક્ષણની જરૂરિયાત પર ભાર મુકતા કહે છે, "ઘણા લોકો સામાન્ય વૃદ્ધત્વ સાથે ડિમેન્શિયાને કન્ફ્યુઝ કરે છે. સામાન્યત: ભૂલી જવાથી લઈને ડિમેન્શિયાના ચિહ્નોને અલગ પાડવું અને પ્રોફેશનલ મદદ ક્યારે લેવી તે સમજવું મહત્વપૂર્ણ છે. વહેલી તપાસ સાથે, દર્દીઓ લાભ મેળવી શકે છે. આ વિશ્વ અલ્ઝાઈમર ડેના કારણે રોગના પ્રોગ્રેસ ધીમું કરે છે, ચાલો આપણે આ સ્થિતિઓ વિશે વધુ શીખવા અને અસરગ્રસ્ત લોકો પ્રત્યે દયાળુ અભિગમને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ કરીએ."

ભારતમાં 60+ વર્ષની વયના પુખ્ત વયના લોકોમાં ડિમેન્શિયા અંદાજે 7.4% છે. 60 વર્ષથી વધુ ઉંમરના લગભગ 8.8 મિલિયન ભારતીયો ડિમેન્શિયા સાથેની તકલીફ સાથે જીવે છે. ડિમેન્શિયા પુરુષો કરતાં સ્ત્રીઓમાં અને શહેરી વિસ્તારો કરતાં ગ્રામીણ વિસ્તારોમાં વધુ જોવા મળે છે. જ્યારે અલ્ઝાઈમર માટે કોઈ ઈલાજ નથી, જીવનશૈલીમાં ફેરફાર અને વહેલા ઈન્ટરવેનશનની ગ્રોથને ધીમો કરી શકે છે અને દર્દીના જીવનની ગુણવત્તામાં સુધારો કરી શકે છે. અમારી હોસ્પિટલ ડિમેન્શિયાના દર્દીઓ માટે અદ્યતન ડાયગ્નોસ્ટિક અને થેરાપ્યુટિક ટૂલ્સ સાથે વ્યાપક સંભાળ પ્રદાન કરવા માટે સમર્પિત છે.

નિવારણ એ ડિમેન્શિયા મેનેજમેન્ટનું મહત્ત્વનું પાસું છે, અને માનસિક ઉત્તેજના એ તેનું સૌથી શક્તિશાળી સાધન છે. આપણી ઉંમર વધે તો પણ, આપણું મન વૃદ્ધિ, અનુકૂલન અને નવીનતા માટે સક્ષમ રહે છે. માનસિક રમતો, પઝલ્સ અને સર્જનાત્મક પ્રવૃતિઓ અપનાવીને, આપણે 'જીવનમાંથી નહીં પણ કામમાંથી નિવૃત્તિ લઈ શકીએ છીએ' અને ડિમેન્શિયાના પડકારોનો સામનો કરીને પણ વિકાસ કરવાનું ચાલુ રાખી શકીએ છીએ.



CIMS NEWS CARE & CURE
Volume-15 | Issue-171 | October 25, 2024

Marengo CIMS Hospital



# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
# કેશલેસ સેવાઓ
## હવે ઉપલબ્ધ

જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત

અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઇટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થેકર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોકસ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીકલેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફ્વે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફ્કો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઇડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)
- **સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (ગાંધીનગર)
- કોલ ઈન્ડિયા લિમિટેડ
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઇ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- **ECHS (એક્સ-સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ)**
- ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કેમિકલ્સ લિમિટેડ (GSFC)
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)
- ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)
- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ (NIOH)
- NHPC લિમિટેડ
- ઓઇલ ઈન્ડિયા લિમિટેડ
- ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે)
- ઓફિસ ડાયરેક્ટર જનરલ ઓફ ઓડિટ (Central) ગુજરાત (Audit Bhavan)
- ઓફિસ પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (Audit-I) એ.જી.એમ.
- ઓફિસ એકાઉન્ટન્ટ જનરલ (Audit-II) એ.જી.એમ.
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- **રાજસ્થાન સરકાર આરોગ્ય યોજના (RGHS)**
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)
- વેસ્ટર્ન રેલ્વે
- **આયુષ્માન ભારત-પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)- માત્ર કેન્સર અને ડાયાલિસિસની સારવાર માટે**

Terms & Conditions Apply*

# મૈરિંગો સિમ્સ મલ્ટિ-સ્પેશ્યાલીટી નિષ્ણાત ડૉક્ટર દ્વારા ઓપીડી (ગુજરાત)

## સુરત (સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ, પીપલોદ)

**(દર મહિનાના પહેલા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ ધવલ નાયક**
- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**
- કિડની ટ્રાન્સપ્લાન્ટ - **ડૉ મયુર પાટિલ**

**સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## રાજકોટ (શ્રી ગિરીરાજ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ નિકુંજ વ્યાસ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**(દર મહિનાના ત્રીજા બુધવારે)**

- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## રાજકોટ (ગોકુલ હોસ્પિટલ)

**(દર મહિનાના પહેલા બુધવારે)**

- ઓર્થોપેડિક સર્જન - **ડૉ મોહનિસ ગઢવી**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**(દર મહિનાના ત્રીજા બુધવારે)**

- ફૂટ એન્ડ એન્કલ સર્જન - **ડૉ પાર્થ પારેખ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## ભાવનગર (બીમ્સ હોસ્પિટલ)

**(દર મહિનાના ત્રીજા શુક્રવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ કિશોર ગુપ્તા**
- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**
- ફેફસાના રોગોના નિષ્ણાંત - **ડૉ મિનેશ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## ગાંધીનગર (ગોયન્કા હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા મંગળવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. તુષાર શાહ**

**સમય : સવારે 10:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી**

## કલોલ (શ્રદ્ધા હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા મંગળવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. તુષાર શાહ**

**સમય : બપોરે 1:00 થી 3:00 વાગ્યા સુધી**

## સુરેન્દ્રનગર (દર મહિનાના પહેલા રવિવારે)

- ન્યૂરો અને સ્પાઈન સર્જન - **ડૉ. યશોધર.સી. શાહ**

**વિશાલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ - લીંબડી**

**સમય : બપોરે 12:00 થી 1:00 વાગ્યા સુધી**

**મહર્ષિ હોસ્પિટલ - સુરેન્દ્રનગર**

**સમય : બપોરે 1:30 થી 2:30 વાગ્યા સુધી**

**સીયુ શાહ મેડીકલ કોલેજ - સુરેન્દ્રનગર**

**સમય : બપોરે 3:00 થી 4:00 વાગ્યા સુધી**

**સી જે હોસ્પિટલ - સુરેન્દ્રનગર**

**સમય : બપોરે 4:00 થી 5:00 વાગ્યા સુધી**

## ભૂજ (કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ)

- પેટના રોગોના નિષ્ણાંત - **ડૉ. નિલેશ ટોકે** **(દર ગુરુવારે)**
- ડાયાબિટીસ અને મેદસ્વિતાના નિષ્ણાંત - **ડૉ રિકિન શાહ** **(પહેલા અને ત્રીજા ગુરુવારે)**
- હિમેટો ઓન્કોલોજીસ્ટ અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ ફિઝીશીયન - **ડૉ કૌમિલ પટેલ (બીજા અને ચોથા ગુરુવારે)**
- કેન્સરના નિષ્ણાંત (રેડિયેશન ઓન્કોલોજીસ્ટ) - **ડૉ. મલ્હાર પટેલ, ડૉ. મૌલિક ભેંસદડિયા (બીજા અને ચોથા ગુરુવારે)**
- ફેફસાના રોગોના નિષ્ણાંત - **ડૉ અમિત પટેલ** **(બીજા શનિવારે)**
- એચપીબી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન - **ડૉ વિકાસ પટેલ (ત્રીજા શનિવારે)**
- કિડની ટ્રાન્સપ્લાન્ટ અને મૂત્રમાર્ગના નિષ્ણાંત - **ડો. મયુર પાટિલ (ત્રીજા શનિવારે)**
- મગજના રોગોના નિષ્ણાંત - **ડો. કેવલ ચાંગડિયા (ચોથા બુધવારે)**
- કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીક સર્જન - **ડૉ અમિત ચંદન (ચોથા શનિવારે)**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## બાવળા (શિવમ હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા બુધવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. કવચ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 12:30 વાગ્યા સુધી**

## ધોળકા (શારદા હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા બુધવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. કવચ પટેલ**

**સમય : બપોરે 1:00 થી 3:00 વાગ્યા સુધી**

**ઓપીડી વિશે વધુ જાણકારી અને અપોઈન્ટમેન્ટ માટે**

**82380 95712**

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2023-2025 valid upto 31st December, 2025**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. PMG/NG/107/2023-2025 valid upto 31st December, 2025**



**If Undelivered Please Return to**

**Marengo CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**


**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

## લોકોમાં હેલ્થ વિશેની જાગૃતતા લાવવા માટે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક મેડીકલ કેમ્પ તથા હેલ્થ એવરેનેસ સેમીનાર કરવામાં આવે છે. જેમાં વિશેષજ્ઞ ડૉક્ટર દ્વારા તપાસ કરવામાં આવે છે.






**શું તમે તમારી સોસાયટી કે શહેરમાં**
**નિઃશુલ્ક કેમ્પ કે હેલ્થ એવરેનેસ સેમીનાર કરવા માંગો છો ?**
**ફોન કરો કેતન આચાર્ય +91 98251 08257**


Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.